ફોન :-
પાટણ : ૨૩૦૦૬૮/૨૨૦૨૨૮
: ૨૩૦૮૦૮/૨૨૧૩૪૭
હારીજ : ૨૨૨૪૦૪
ઉંઝા : ૨૫૩૪૧૯
અમદાવાદ : ૪૦૨૩૨૧૯૨
web : www. dpthakker.com
Email : dptco123@gmail.com

# ડી. પી. ઠક્કર એન્ડ કાં.
# ડી. પી. ઠક્કર એન્ડ બ્રધર્સ

**ટેક્ષ કન્સલટન્ટસ**

'શ્રી કુંજ', સ્ટેશન રોડ, પાટણ.

બ્રાન્ચ : નીધી હોસ્પીટલ બિલ્ડીંગ, સ્ટેડીયમ કોમર્સ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૯

તા. ૨૪-૩-૨૦૨૧

**ભાઇશ્રી,**

સને ૨૦૨૦-૨૧ નું વર્ષ તારીખ : ૩૧/૦૩/૨૦૨૧ ના પુરુ થાય છે એટલે નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ એસેસમેન્ટ વર્ષ ૨૦૨૧-૨૨ માટે ઈન્કમટેક્ષ કાયદા હેઠળની કેટલીક જવાબદારીઓ તથા નિયમો સમજવા જરૂરી છે જેની અગત્યની વિગતો નીચે મુજબ છે.

## (૧) માર્ચ/એપ્રિલ ૨૦૨૧ માં પાલન કરવાની જવાબદારી :-

(૧) જો એડવાન્સ ટેક્ષ કે તેનો છેલ્લો હપ્તો હજુ સુધી ભરેલો ના હોય તો તારીખ : ૩૧/૦૩/૨૦૨૧ સુધી વ્યાજ સાથે ભરી દેવાથી એડવાન્સ ટેક્ષ ગણાશે.

(૨) TDS તથા TCS ની રકમો સમયસર ભરવી જરૂરી છે.

(૩) તેટલું જ જરૂરી TDS અને TCS ના સ્ટેટમેન્ટ ફોર્મ નંબર 26Q, 27EQ વિગેરે સમયસર ભરવા જરૂરી છે.

(૪) અને પગારની ચુકવણીમાંથી જે TDS કરેલ હોય તેનું સ્ટેટમેન્ટ ફોર્મ નંબર 24Q પણ સમયસર ભરવું જરૂરી છે.

(૫) વ્યાજ કપાત ના કરવા માટે જે ડીપોઝિટરે ફોર્મ નંબર 15G કે 15H આપવાના હોય તે તારીખ : ૩૧/૦૩/૨૦૨૧ પહેલા આવા ડીપોઝિટરો પાસેથી મેળવી લેવા જરૂરી છે અને તારીખ : ૩૦/૦૪/૨૦૨૧ સુધીમાં આવા ફોર્મ 15G કે 15H ઓનલાઇન ફાઇલ કરવા પડે.

## (૨) વ્યક્તિ (સ્ત્રી કે પુરુષ) અને HUF માટે રાહતના નવા દર એટલે કે પસંદગીના દર :-

(૧) સને ૨૦૨૦-૨૧ માટે રૂા. ૧૫,૦૦,૦૦૦/- સુધીની આવક ધરાવતા વ્યક્તિ (રેસિડેન્ટ કે નોન-રેસિડેન્ટ) /HUF ના કેસ માટે કેટલીક શરતોને આધીન ઇન્કમટેક્ષ ના પસંદગીના રાહતકારક દર નીચે પ્રમાણે છે :-

| અ.નં. | આવકની વિગત | ટેક્ષનો દર |
|---|---|---|
| (૧) | રૂા. ૨,૫૦,૦૦૦/- સુધી | શૂન્ય |
| (૨) | રૂા. ૨,૫૦,૦૦૦/- થી રૂા. ૫,૦૦,૦૦૦/- | ૫.૨૦% |
| (૩) | રૂા. ૫,૦૦,૦૦૦/- થી રૂા. ૭,૫૦,૦૦૦/- | ૧૦.૪૦% |
| (૪) | રૂા. ૭,૫૦,૦૦૦/- થી રૂા. ૧૦,૦૦,૦૦૦/- | ૧૫.૬૦% |
| (૫) | રૂા. ૧૦,૦૦,૦૦૦/- થી રૂા. ૧૨,૫૦,૦૦૦/- | ૨૦.૮૦% |
| (૬) | રૂા. ૧૨,૫૦,૦૦૦/- થી રૂા. ૧૫,૦૦,૦૦૦/- | ૨૬% |

D.P.THAKKER & CO.

**ટેક્ષના નવા દરનો લાભ લેવા માટે નીચેની શરતોનું પાલન કરવું પડશે.**

(૧) જો ધંધાની આવક કે ભાગીદારી પેઢીમાંથી આવક ના હોય તો દર વર્ષે રીટર્ન ભરતાં પહેલાં પસંદગી કરવાની છે કે નવા રાહતકારક દર પ્રમાણે ઈન્કમટેક્ષ ભરવો છે કે કેમ?

(૨) જે અંગત કે HUF ધંધો કરતા હોય કે કોઈ પેઢીમાં ભાગીદાર હોય તેઓ નવા રાહત દરથી ઈન્કમટેક્ષ ભરવા માટેની પસંદગી કરી શકે અને આવી પસંદગી કરી હોય તો પછીના વર્ષોમાં એક વખત પસંદગીમાં ફેરફાર કરી શકશે અને પછી દર વર્ષે તે પ્રમાણે ટેક્ષ ભરવો પડશે.

(૩) નવા રાહત દર પ્રમાણે ટેક્ષ ભરવાનું પસંદ કરવામાં આવે તો અંગત તથા HUF ને કુલ આવકમાંથી નીચેની કપાત બાદ મળશે નહીં.

(૧) પગારની આવકમાંથી LTC/HRA, ભથ્થા, પરકવીઝીટ, સ્ટાન્ડર્ડ ડીકક્સન, પ્રોફેશનલ ટેક્ષ વિગેરે (૨) PPF, વીમો વગેરે રૂા. ૧,૫૦,૦૦૦/- સુધી (૩) રહેવાના મકાન ઉપર હાઉસિંગ લોનનું રૂા. ૨,૦૦,૦૦૦/- સુધીનું વ્યાજ (૪) મેડિકલેમ વીમો (૫) ડોનેશન (૬) સેવિંગ ખાતાનું વ્યાજ (૭) સીનીઅર સિટીજન ને બાદ મળતું FD નું વ્યાજ (૭) શારીરિક ખોડ ખાંપણ માટે બાદ મળતી કપાત (૮) સગીર બાળક માટે બાદ મળતી રૂા. ૧૫૦૦/- ની રકમ (૯) રૂા. ૫૦,૦૦૦/- સુધી પોતે ભરેલ NPS ની રકમ

(૪) એટલે દર વર્ષે ધંધા સિવાયની આવક ધરાવનારે ઉપર મુજબ નવા દર પ્રમાણે ભરવાનો થતો ટેક્ષ અને જુના દર પ્રમાણે ભરવાનો થતો ટેક્ષ ગણત્રી કરી જેમાં ટેક્ષ ઓછો ભરવાનો થતો હોય તેની પસંદગી કરી તે પ્રમાણે ટેક્ષ ભરી શકાશે.

(૫) ઉપર મુજબ રાહતદરે ટેક્ષ ભરવાનો ઓપ્શન સ્વીકારવો હોય તો ઈ.ટેક્ષ રીટર્ન સમયસર ભરવું ફરજીયાત છે.

**(૩) સને ૨૦૨૦-૨૧ એટલે કે A.Y. ૨૦૨૧-૨૨ માટે ઈન્કમટેક્ષ ના રેગ્યુલર દર નીચે પ્રમાણે છે :-**

**(૧) વ્યક્તિ (સ્ત્રી કે પુરુષ), HUF કે AOP (લોઅર રેટ) ના કેસમાં**

| ઈન્કમટેક્ષના દર | |
|---|---|
| આવકની વિગત | ટેક્ષનો દર |
| (૧) પ્રથમ રૂા. ૨,૫૦,૦૦૦/- સુધીની આવક | માફ છે |
| (૨) રૂા. ૨,૫૦,૦૦૧ થી રૂા. ૫,૦૦, ૦૦૦/- સુધી | ૫% |
| (૩) રૂા. ૫,૦૦,૦૦૧/- થી રૂા. ૧૦,૦૦,૦૦૦/- સુધી | ૨૦% |
| (૪) રૂા. ૧૦,૦૦,૦૦૦/- થી ઉપરની આવક ઉપર | ૩૦% |

| સરચાર્જ ના દર | |
|---|---|
| આવકની વિગત | ટેક્ષનો દર |
| (૧) રૂા. પચાસ લાખ સુધી | માફ છે |
| (૨) રૂા. પચાસ લાખ થી ૧ કરોડ સુધી | ૧૦% |
| (૩) રૂા. ૧ કરોડથી ૨ કરોડ સુધી | ૧૫% |
| (૪) રૂા. ૨ કરોડથી ૫ કરોડ સુધી | ૨૫% |
| (૫) રૂા. ૫ કરોડથી આવક ઉપર | ૩૭% |

**નોંધ**

(૧) સ્ત્રી કે પુરુષના કેસમાં ઉંમર ૬૦ વર્ષથી વધુ અને ૮૦ વર્ષ સુધીની હોય તો શરૂઆતની માફી રકમ રૂા. ૨,૫૦,૦૦૦/- ને બદલે રૂા. ૩,૦૦,૦૦૦/- છે.

(૨) સ્ત્રી કે પુરુષના કેસમાં ઉંમર ૮૦ વર્ષથી વધુ હોય તો શરૂઆતની માફી રકમ રૂા. ૨,૫૦,૦૦૦/- ને બદલે રૂા. ૫,૦૦,૦૦૦/- છે.

(૩) ઉપર પ્રમાણે ટેક્ષ + સરચાર્જની રકમ થાય તેના ઉપર ૪% એજ્યુકેશન સેસ લાગે.

DR THAKKER & CO.

(૪) જો રેસીડેન્ટ INDIVIDUAL (અંગત) ને નેટ આવક રૂા. ૫,૦૦,૦૦૦/- થી વધુ ના હોય તો તેને ભરવાપાત્ર ટેક્ષમાંથી રૂા. ૧૨,૫૦૦/- સુધીનું રીબેટ મળશે. જેના કારણે રૂા. ૫,૦૦,૦૦૦/- સુધીની આવક ઉપર ટેક્ષ ભરવાનો રહેતો નથી. (કલમ 80C, 80D, 80G પગારનું ડીડકશન વિગેરે બાદ કર્યા પછીની આવક ૫ લાખ થી વધવી ના જોઈએ.)

## (૪) અંગત અને HUF ને કુલ આવકમાંથી બાદ મળવાપાત્ર કપાત :-

(૧) LIC, PPF, **બે બાળકો સુધીની સ્કૂલ ફી (અંગતને),** હાઉસીંગ લોન ના ભરેલા હપ્તામાં મુદ્દલ, NSC વિગેરે મળીને રૂા. ૧,૫૦,૦૦૦/- સુધીની રકમ બાદ મળે છે તથા NPS **(નેશનલ પેન્શન સ્કીમ)** માં ભરેલી રૂા. ૫૦,૦૦૦/- સુધીની રકમ વધારાની બાદ મળે છે. (અંગતને)

(૨) મેડિકલ ઈન્સ્યોરન્સ પ્રિમીયમ રૂા. ૨૫,૦૦૦/- સુધી અને હેલ્થ ચેકઅપ ખર્ચ રૂા. ૫૦૦૦/- સુધી બાદ મળે છે.

(૩) ઉપરોક્ત જોગવાઈમાં અપવાદ કરેલો છે કે મેડીકલ ઈન્સ્યોરન્સ પ્રિમીયમ ભરનાર વ્યક્તિની ઉંમર ૬૦ વર્ષથી ઉપર હોય તો મેડિકલ વીમા પ્રિમીયમ રૂા. ૩૦,૦૦૦/- સુધી બાદ મળશે.

(૪) વધારામાં પોતાનો કે પોતાની ફેમીલીનો કે માતા-પિતાનો મેડીકલ-ઈન્સ્યોરન્સ ના હોય તો મેડીકલ ટ્રીટમેન્ટ ચેક થી કે બેંક થ્રુ કરેલ ખર્ચ વધુમાં વધુ પોતાનો તથા ફેમીલીનો રૂા. ૫૦,૦૦૦/- + રૂા. ૫૦,૦૦૦/- સીનીયર સીટીઝન પેરેન્ટસનો બાદ મળે છે.

(૫) હેન્ડીકેપ વ્યક્તિને નિયમ પ્રમાણે રૂા. ૭૫,૦૦૦/- કે રૂા. ૧,૨૫,૦૦૦/- ની રકમ બાદ મળે છે. આ માટે જરૂરી ફોર્મમાં ગવર્મેન્ટ હોસ્પિટલનું યોગ્ય સર્ટિફિકેટ લેવું જરૂરી છે.

(૬) 80G માફી સર્ટિફિકેટ ધરાવતી સંસ્થાને આપેલા દાનની રકમના ૫૦% રકમ બાદ મળે છે પણ કુલ આવકના ૧૦% થી વધુ રકમનું દાન મજરે મળતું નથી. આવી દાનની રકમ **રૂા. ૨૦૦૦/-** થી વધુ હોય તો A/C Pay ચેક/ ડી.ડી. થી આપેલ હોય તો જ બાદ મળે.

(૭) સિનિયર સીટીઝનને સેવિંગ્સ એકાઉન્ટ તથા બેંક તથા પોસ્ટ ઓફિસની F. D. નું વ્યાજ રૂા. ૫૦,૦૦૦/- સુધી બાદ મળે છે.

(૮) સિનીયર સીટીજન સિવાયની વ્યક્તિને તથા HUF ને બેંકોના તથા પોસ્ટ ઓફિસના સેવિંગ ખાતાનું વ્યાજ રૂા. ૧૦,૦૦૦/- સુધી બાદ મળશે, પરંતુ F. D નું વ્યાજ બાદ મળતું નથી.

(૯) બેંકો તથા પોસ્ટ ઓફિસમાંથી સિનિયર સિટીજનને રૂા. ૫૦,૦૦૦/- સુધીનું વ્યાજ મળે તો TDS થશે નહી પરંતુ જો આવું વ્યાજ રૂા. ૫૦,૦૦૦/- થી વધુ મળે તો TDS થશે.

(૧૦)રહેવાના મકાન માટે હાઉસીંગ લોન ઉપર ભરેલ રૂા.૨ લાખ સુધીનું વ્યાજ બાદ મળવા પાત્ર છે.

(૧૧)રહેવાનું બીજું મકાન તારીખ : ૧/૪/૨૦૧૯ થી ૩૧/૩/૨૦૨૧ દરમિયાન રૂા. ૪૫ લાખની કિંમત સુધી ખરીદ કરેલું હોય તો તે મકાન ઉપર લીધેલી હાઉસિંગ લોન ઉપરનું વ્યાજ **રૂા. ૧,૫૦,૦૦૦/- સુધીની** મર્યાદામાં વધારાનું બાદ મળશે.

## (૫) ભાગીદારી પેઢી તથા LLP માટે :-

(૧) બધી આવક ઉપર ટેક્ષ લાગે એટલે કે કોઈ આવક માફ નથી.

(૨) ટેક્ષનો એક જ દર છે જે ૩૦% છે અને તેના ઉપર ૪% લેખે એજ્યુકેશન સેસ લાગે.

(૩) બાદ મળવાપાત્ર ડીડકશનના કારણે નફાની રકમ ઓછી થતી હોય તો બુક પ્રોફીટ ઉપર ઓલ્ટરનેટ મીનીમમ ટેક્ષ (AMT) ૧૮.૫% અને ટેક્ષના ૪% એજ્યુકેશન સેસ ભરવો પડે.

(૪) જો આવક રૂા. ૧ કરોડથી વધુ હોય તો ટેક્ષની રકમના ૧૨% સરચાર્જ લાગે અને ટેક્ષ તથા સરચાર્જની રકમ



D.P. THAKKER & CO.

ઉપર ૪% એજ્યુકેશન સેસ લાગે.

(૫) ભાગીદારોની મૂડીનું મળવાપાત્ર ૧૨% સુધીનું વ્યાજ અને વર્કીંગ ભાગીદારોનો પગાર બાદ લેવા માટે ભાગીદારી દસ્તાવેજમાં તે માટેની લેખિત જોગવાઈ હોવી જરૂરી છે. જો આવી લેખીત જોગવાઈ ભાગીદારી દસ્તાવેજમાં ના હોય તો ભાગીદારોનું વ્યાજ કે પગાર બાદ મળે નહીં.

(૬) વર્કીંગ ભાગીદારોનો પગાર નીચે મુજબ બાદ મળે છે.

| બુક પ્રોફીટની રકમ (નેટ નફો) | પગારની રકમ |
|---|---|
| (૧) રૂા. ૧,૫૦,૦૦૦/- સુધીના બુક પ્રોફીટ કે નુકશાન ઉપર... | રૂા. ૧,૫૦,૦૦૦/- |
| (૨) રૂા. ૧,૫૦,૦૦૦/- થી વધુ અને રૂા. ૩,૦૦,૦૦૦ સુધી | આખી રકમના ૯૦% |
| (૩) રૂા. ૩,૦૦,૦૦૦/- ઉપર | બુક પ્રોફીટના ૬૦% |

**(૬) પ્રાઈવેટ કે પબ્લીક લીમટેડ કંપની માટે :-**

(૧) ડોમેસ્ટિક કંપનીનું F.Y. ૨૦૧૮-૧૯ માં કુલ ટર્નઓવર રૂા. ૪૦૦ કરોડથી ઓછું હોય તો ૨૫% ઈન્કમટેક્ષનો દર છે અને તે સિવાયની કંપનીઓ માટે ૩૦% દર છે, ટેક્ષ ઉપર ૪% સેસ લાગશે અને સરચાર્જ નીચે પ્રમાણે લાગશે.

| કંપનીની આવક | સરચાર્જનો દર |
|---|---|
| (૧) રૂા. ૧ કરોડ થી ૧૦ કરોડ | ૭% |
| (૨) રૂા. ૧૦ કરોડ કે તેથી વધુ | ૧૨% |

જો કોઈ ડીડકશનના કારણે કંપનીને નેટ આવક ઉપર ભરવાપાત્ર ઈનકમટેક્ષ બુક પ્રોફીટના ૧૮% થી ઓછો થતો હોય તો કંપનીએ MAT ૧૮% ભરવો પડે અને ટેક્ષની રકમ ઉપર ૪% એજ્યુકેશન સેસ લાગે.

(૨) અપવાદરૂપ મેન્યુફેકચરિંગ કંપનીઓ જો કોઈ ડીડકશન બાદ ના લે તો ટેક્ષનો દર ઓછો લાગે છે.

(૩) કંપનીના કેસમાં CSR હેઠળ જે રકમ વાપરવાની હોય તે પ્રાઈમ મીનીસ્ટર CARES ફંડમાં દાન આપવાથી ૧૦૦% બાદ મળવાપાત્ર છે અને અન્ય ટ્રસ્ટને 80G હેઠળ દાન આપવાથી નિયમો પ્રમાણે દાનની ૫૦% રકમની કપાત બાદ મળવાપાત્ર છે.

(૪) લીમિટેડ કંપનીને ડીવીડન્ડ વહેંચવાથી ડીવીડન્ડ ડિસ્ટ્રીબ્યુશન ટેક્ષ (DDT) લાગતો હતો તે જોગવાઈ તારીખ : ૧/૪/૨૦૨૦ થી કાઢી નાખી છે. એટલે હવે કંપની તેના રિઝર્વમાંથી ડીવીડન્ડની વહેંચણી કરશે તેના ઉપર ટેક્ષ નહીં લાગે. પરંતુ ડીવીડન્ડ મેળવનાર શેર હોલ્ડરને આ આવક માફ નહી મળે એટલે તેમણે અન્ય આવકની સાથે ડિવિડન્ડ આવકનો પણ ટેક્ષ ભરવો પડશે.

**(૭) સને ૨૦૨૦-૨૧ (૧૪/૦૫/૨૦૨૦થી) અને સને ૨૦૨૧-૨૨ માટે TDS ના દર નીચે પ્રમાણે છે.**

D.P. THAKKER & CO.

| કલમ | ચુકવણીનો પ્રકામર તથા નિયત મર્યાદા | સને ૨૦૨૦-૨૧ TDS ના દર | સને ૨૦૨૧-૨૨ TDS ના દર |
|---|---|---|---|
| 192 | ટેક્ષેબલ પગારની ચુકવણી ઉપર | વ્યક્તિને લાગુ પડતા દરેથી | |
| 193 | સિકયુરિટી ઉપરનું વ્યાજ | ૭.૫% | ૧૦% |
| 194 | ડિવિડન્ડ રૂા. ૫૦૦૦/- થી વધુ ચુકવણી ઉપર | ૭.૫% | ૧૦% |
| 194A | (૧) રૂા. ૧ કરોડથી વધુ ટર્નઓફર ધરાવતી માલિકી કે HUF પેઢી ઓડીટ ના કરાવતી હોય તો પણ ડિપોઝીટરને રૂા. ૫૦૦૦/- થી વધુ વ્યાજ ચુકવે તો TDS કરવી પડે. તેવી જ રીતે ભાગીદારી પેઢીએ રૂા. ૫૦૦૦/- થી વધુ રકમનું વ્યાજ ચૂકવે તો TDS કરવી પડે. | ૭.૫% | ૧૦% |
| | (૨) બેંક/કો.ઓપ.બેંક તથા પોસ્ટ ઓફિસ ડિપોઝીટના વ્યાજની વાર્ષિક રૂા. ૪૦૦૦૦/- થી વધુ ચુકવણી કરે તેના ઉપર (સેવિંગ ખાતાના વ્યાજ ઉપર TDS નથી) | ૭.૫% | ૧૦% |
| | (૩) સિનીયર સિટીઝનને બેંક/કો.ઓ.બેંક/પોસ્ટ ઓફિસના વ્યાજની વાર્ષિક રૂા. ૫૦,૦૦૦/- થી વધુ ચુકવણી ઉપર | ૭.૫% | ૧૦% |
| 194C | (૧) વ્યક્તિ કે HUF હોય તેવા કોન્ટ્રાકટર કે સબ કોન્ટ્રાકટર કે Advertising એજન્ટ કે ટ્રાન્સપોર્ટર ને પેમેન્ટ આપવામાં આવે PAN હોય તો....<br>અને જો PAN ન હોય તો..................<br>(૨) ભાગીદારી પેઢી કે કંપની ને ઉપર મુજબ આપવામાં આવે ત્યારે<br>(૩) ૧૦ કે તેથી ઓછી ટ્રક ધરાવનાર ટ્રાન્સપોર્ટર ના કેસમાઁ જો PAN અને ડેકલેરેશન પુરા પાડવામાં આવે તો....<br>.... જો PAN અને ડેકલેરેશન પુરું પાડવામાં ન આવે તો...<br>(૪) ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટર (જેની પોતાની ટ્રક ના હોય) ના કેસ માં PAN પુરો પાડ્વામં આવે તો (અંગત/HUF માં ....<br>અંગત/HUF સિવાય....<br>જો PAN અને ડેકલેરેશન પુરું પાડવામાં ન આવે તો...<br>(૫) ઉપર મુજબનું પેમેન્ટ એક સાથે રૂા. ૩૦,૦૦૦/- થી ઓછું કરવામાં આવે અને વર્ષ દરમિયાન પેમેન્ટ રૂા. ૧,૦૦,૦૦૦ થી ઓછું હોય તો | ૦.૭૫%<br>૨૦%<br>૧.૫%<br>શૂન્ય<br>૨૦%<br>૦.૭૫%<br>૧.૫%<br>૨૦%<br>શૂન્ય | ૧%<br>૨૦%<br>૨%<br>શુન્ય<br>૨૦%<br>૧%<br>૨%<br>૨૦%<br>શૂન્ય |
| 194H | કમીશન/દલાલી વાર્ષિક રૂા. ૧૫૦૦૦/- થી વધુ ચુકવવામાં આવે અને PAN હોય તો ........................<br>અને જો PAN ન હોય તો....................... | ૩.૭૫%<br>૨૦% | ૫%<br>૨૦% |
| 194I | ૧) જમીન કે મકાનનું વાર્ષિક ભાડું રૂા. ૨,૪૦,૦૦૦/- થી વધુ આપવામાં આવે અને PAN હોય તો..........................<br>૨) મશીનરી પ્લાન્ટ ઇક્વીપમેન્ટનું વાર્ષિક ભાડું રૂા. ૨,૪૦,૦૦૦/- થી વધુ ની ચુકવણી ઉપર PAN હોય તો ........<br>જો PAN ન હોય તો ............................ | ૭.૫%<br>૧.૫%<br>૨૦% | ૧૦%<br>૨%<br>૨૦% |
| 194IA | ખેતીની જમીન સિવાય અન્ય સ્થાવર મિલ્કત રૂા. ૫૦ લાખ થી વધુ ની ખરીદી કરનારે વેચાણ કરનાર ને ચુકવવાની રકમ ઉપર TDS કરવી પડે જે રકમ વેચાણ કિંમતમાંથી કાપીને ભરવાની છે.<br>જો PAN હોય તો .....................<br>અને જો PAN ના હોય તો........ | ૨૦%<br>૦.૭૫%<br>૨૦% | ૨૦%<br>૧%<br>૨૦% |

D.P. THAKKER & CO.

| કલમ | ચુકવણીનો પ્રકામર તથા નિયત મર્યાદા | સને ૨૦૨૦-૨૧ TDS ના દર | સને ૨૦૨૧-૨૨ TDS ના દર |
|---|---|---|---|
| 194IB | ઓડિટ પાત્ર ન હોય તેવી વ્યક્તિ કે HUF જો રેસિડેન્ટ ને જમીન/મકાન/ફર્નિચર ફિટીંગ્સનું માસિક ભાડું રૂા. ૫૦,૦૦૦/- થી વધુ રકમનું ચૂકવે તો જો PAN હોય તો............<br>અને જો PAN ના હોય તો........ | ૩.૭૫%<br>૨૦% | ૫%<br>૨૦% |
| 194IC | જોઈન્ટ ડેવલોપમેન્ટ એગ્રીમેન્ટ પ્રમાણે પેમેન્ટ ઉપર | ૭.૫% | ૧૦% |
| 194J | ૧) પ્રોફેશનલ કોલ સેન્ટર સિવાય ના પ્રોફેશનલ એટલે કે વકીલ ડોકટર, આર્કિટેકટ વગેરેને રૂા. ૩૦,૦૦૦/- થી વધુ રકમની પ્રોફેશનલ ફી ની ચુકવણી ઉપર PAN હોય તો...<br>જો PAN ન હોય તો...<br>૨) ટેકનિકલ સર્વિસીસ માટેની ફી ઉપર PAN હોય તો ........................ જો PAN ન હોય તો.<br>૩) કોલ સેન્ટર ને ૩૦,૦૦૦/- ઉપર ના પેમેન્ટ ઉપર PAN હોય તો.............<br>જો PAN ન હોય તો.................. | ૭.૫%<br>૨૦%<br>૧.૫%<br>૨૦%<br>૧.૫૦%<br>૨૦% | ૧૦%<br>૨૦%<br>૨%<br>૨૦%<br>૨%<br>૨૦% |
| 194LA | ખેતીની જમીન સિવાય સ્થાવર મિલકતના ફરજીયાત સંપાદનના કેસમાં વળતરની રૂા. ૨,૫૦,૦૦૦/- થી વધુ રકમની ચુકવણી ઉપર જો PAN હોય તો.........<br>જો PAN ન હોય તો ...................... | ૭.૫%<br>૨૦% | ૧૦%<br>૨૦% |
| 195 | નોન રેસિડેન્ટને આપવામાં આવતું વ્યાજ, ભાડું, નફાનો ભાગ વિગેરે ચુકવણી માટે | જુઓ પેરા (૯) | જુઓ પેરા (૯) |
| 194DA | લાઈફ ઈન્સ્યોરન્સ કંપની વિમા પોલિસીની રકમ પાકતી મુદતે ચૂકવે તો રૂા. ૧,૦૦,૦૦૦/- સુધી TDS નથી તેનાથી વધુ રકમ ઉપર વીમો મેળવનાર ને PAN હોય તો..........<br>જો PAN ન હોય તો ...................... | ૩.૭૫%<br>૨૦% | ૫%<br>૨૦% |
| 194D | વીમા કંપની તેના એજન્ટને રૂા. ૧૫૦૦૦/- થી વધુ કમિશન ચૂકવે તો PAN હોય તો........<br>જો PAN ન હોય તો ...................... | ૩.૭૫%<br>૨૦% | ૫%<br>૨૦% |
| 194N | (૧) નેશનલાઈઝડ બેંક, શીડ્યુલ બેંક કે કો. ઓપ. બેંક કે પોસ્ટ ઓફિસ વ્યક્તિ/HUF/પેઢી/કંપની વિગેરે ને વર્ષ દરમિયાન એક કે વધુ ખાતા હોય તો બધા ખાતામાં મળી ને રૂા. ૧ કરોડ કે તેથી વધુ રોકડ રકમ આપે/ચૂકવે તો...<br>(૨) આવી રીતે બેંક માંથી રોકડ રકમ ઉપાડનારે અગાઉના ત્રણ વર્ષ માટે જો ઈન્કમટેક્સ રીટર્ન ન ભરેલા હોય તો રૂા. ૨૦ લાખ કરતા વધુ રોકડ રકમ વર્ષ દરમ્યાન ઉપાડ કરે તો રૂા. ૨૦ લાખ થી ૧ કરોડ સુધીના ઉપાડ ઉપર................<br>(૩) જો ૧ કરોડથી વધારે રોકડ રકમ ઉપાડ કરે તો | ૨%<br>૨%<br>૫% | ૨%<br>૨%<br>૫% |

D.P. THAKKER & CO.

| કલમ | ચુકવણીનો પ્રકામર તથા નિયત મર્યાદા | સને ૨૦૨૦-૨૧ TDS ના દર | સને ૨૦૨૧-૨૨ TDS ના દર |
|---|---|---|---|
| | (૪) APMC ના લાઈસન્સદર વેપારી ખેડૂત પાસેથી ખરીદ કરેલા માલનું રોકડ પેમેન્ટ કરવા માટે બેંક માં જે ખાતાની જાણ કરી હોય તે ખાતામાંથી રૂા. ૧ કરોડ થી વધુ ગમે તેટલી રોકડ રકમ ઉપાડ કરે તો નોટિફિકેશનથી આપેલી છુટછાટ પ્રમાણે બેંક TDS કરતી નથી. | શૂન્ય | શૂન્ય |
| 194M | જે વ્યક્તિ કે HUF ને કલમ 194-C તથા 194-A તથા 194-J ની TDS કરવાની જોગવાઈ લાગુ પડતી નથી તેવી વ્યક્તિ કે HUF કોઇ વ્યક્તિ કે પેઢી વર્ષ દરમિયાન કોન્ટ્રાક્ટ કામ કે બ્રોકરેજ કે પ્રોફેશનલ ફી રૂા. ૫૦ લાખ થી વધારે પેમેન્ટ કરે ત્યારે આવી રકમ ઉપર જો PAN હોય તો<br>જો PAN ના હોય તો............................................. | ૩.૭૫%<br>૨૦% | ૫%<br>૨૦% |
| | નોંધ : (૧) આ જોગવાઈ કોઈપણ વેપાર ધંધાને લાગુ પડતી નથી (૨) આ જોગવાઈ અંગત કે HUF પોતાના રહેવા માટે કે ભાડે આપવા માટે સ્થાવર મિલકત બનાવે તો લાગુ પડે છે | | |

## (૮) સને ૨૦૨૦-૨૧ (૧૪/૦૫/૨૦૨૦થી) અને સને ૨૦૨૧-૨૨ માટે TCS ના દર નીચે પ્રમાણે છે :-

| સેકશન | TCS ને પાત્ર માલ અને સેવાઓ | સને ૨૦૨૦-૨૧ TDS ના દર | સને ૨૦૨૧-૨૨ TDS ના દર |
|---|---|---|---|
| 206C(1) | (૧) જંગલ લીઝથી મેળવેલ લાકડું<br>(૨) ઉપર સિવાય અન્ય રીતે મેળવેલ લાકડું<br>(૩) લાકડું તથા ટેન્ડુલિવ્સ સિવાયની જંગલમાંથી મેળવેલી કોઈપણ વસ્તુ | ૧.૮૭%<br>૧.૮૭%<br>૧.૮૭% | ૨.૫૦%<br>૨.૫૦%<br>૨.૫૦% |
| 206C(1) | (૧) ટેન્ડુલિવ્સ | ૩.૭૫% | ૫% |
| 206C(1) | (૧) મિનરલ્સ, કોલ અથવા લીગ્નાઈટ અથવા આર્યન ઓર | ૦.૭૫% | ૧% |
| 206C(1) | (૧) ભંગાર દરેક પ્રકારનો | ૦.૭૫% | ૧% |
| 206C(1) | નીચેની બાબતના લાઈસન્સ/લીઝ વગેરે<br>(૧) પાર્કિંગ પ્લોટ<br>(૨) ટોલ પ્લાઝા<br>(૩) ખાણ અને ખનન (માઈનિંગ) તથા ક્વોરિંગ | ૧.૫૦% | ૨% |
| 206C(1F) | રૂા. ૧૦ લાખથી વધુ કિંમતનું મોટરકારનું વેચાણ | ૦.૭૫% | ૧% |
| 206C(1H) | તારીખ : ૧/૧૦/૨૦૨૦ થી રૂા. ૧૦ કરોડથી વધુ ટર્નઓવર હોય તેવા વેપારી વર્ષ દરમિયાન કોઈને રૂા. ૫૦ લાખથી વધુ રકમનું વેચાણ કરે તો આવા ખરીદનાર પાસેથી વસુલ કરવાની TCS......<br>નોંધ : ઈમ્પોર્ટ - એક્સપોર્ટના વ્યવહારોને આમાંથી બાકાત રાખવામાં આવેલા છે.<br>(૧) ૧૦ કરોડનું ટર્નઓવર ગણવામાં GST સાથેની રકમ ગણાશે.<br>(૨) દર વર્ષે રૂા. ૫૦ લાખની રકમ વેપારી દીઠ બાદ મળશે. | ૦.૦૭૫% | ૦.૧૦% |

D.P. THAKKER & CO.

## (૯) નોન રેસીડેન્ટ :-

(૧) કોઈપણ વ્યક્તિ, પેઢી, AOP કંપની, LLP કે HUF નોન રેસીડેન્ટ વ્યક્તિ/HUF/પેઢી/ કંપનીને વ્યાજ, નફો, ભાડું, વિગેરે ચૂકવે કે ખાતામાં જમા કરે તો આ TDS કરવી પડે.

(૨) નોન રેસીડેન્ટને નાની કે મોટી ગમે તે રકમની આવક ચુકવવામાં આવે કે તેના ખાતે જમા કરવામાં આવે તો આ TDS લાગુ પડે દા.ત. વ્યાજ રૂા. ૫૦૦/- ચુકવવામાં આવે તો પણ TDS કરવી પડે એટલે કે આ TDS માટે કોઈ માફી રકમ નથી. નોન રેસીડેન્ટને ભાગીદાર તરીકે નફો આપવામાં આવે તો પણ TDS કરવી પડે.

(૩) નોન રેસીડેન્ટના કેસમાં TDS થઇ હોય તો તેનું રીફંડ લેવા માટે નોન રેસિડેન્ટને આવક ટેક્ષેબલ હોય તો ભરવાપાત્ર ટેક્ષ સામે આવી TDS ની રકમ બાદ મળે અને બાકીની વધારાની રકમનું રીફંડ મળે. જો આવક ટેક્ષેબલ ના હોય તો બધી રકમનું રીફંડ મળે. આ માટે ઈન્કમટેક્ષનું રીટર્ન ભરવું પડે.

(૪) નોન રેસિડેન્ટને ચુકવવાની આવકમાંથી કરવાની TDS ના દર નીચે પ્રમાણે છે :

(૧) USA / UK / CANADA / AUSTRALIA માં રહેતા હોય તેવા નોન રેસીડેન્ટ જો તે દેશનું ટેક્ષ રેસીડેન્સી સર્ટિફિકેટ (TRC) આપે તો ૧૫.૬૦% લેખે નહીંતર ૩૧.૨૦% લેખે

(૨) ઉપરના દેશો સિવાય અન્ય દેશોમાં રહેતા હોય તેવા NON-RESIDENT માટે ૩૧.૨૦% લેખે.

(૩) નોન રેસીડેન્ટ TDS માફી માટે 15G / 15H આપી શકતા નથી એટલે ગમે તેટલી રકમ હોય તો પણ ઉપર મુજબ TDS કરવી પડે.

નોંધ : નોન રેસીડેન્ટના કેસમાં સને ૨૦૨૦-૨૧ નું રીટર્ન ભરવા બાબતે કેટલાક ફેરફાર થયા છે. તેની સમજ માટે નોન રેસીડેન્ટનું રિટર્ન ભરવાનું હોય તેમણે રુબરુ મળવું.

## (૧૦) કલમ 44AB હેઠળ ઓડિટની જોગવાઇ :

(૧) જૂની જોગવાઇ પ્રમાણે જો પેઢીનું ટર્નઓવર રૂા. ૧ કરોડ થી વધુ હોય તો ટેક્ષ ઓડિટ કરાવવું જરૂરી છે.

(૨) નીચેની શરતોને આધીન રૂા. ૫ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતી પેઢીઓને ટેક્ષ ઓડીટમાંથી મુક્તિ આપેલ છે.

(૧) જો આવી પેઢીની નાણાંકીય વર્ષ દરમ્યાન રોકડ વેચાણ તથા રીસીપ્ટ તેની કુલ આવકના ૫% થી વધુ ના હોય તો અને

(૨) જો આવી પેઢીનું નાણાંકીય વર્ષ દરમ્યાન કુલ ખરીદી તથા ખર્ચાનું તથા અન્ય રોકડ પેમેન્ટ કુલ પેમેન્ટના ૫% થી વધુ ના હોય તો

નોંધ : રોકડ RECEIPT અને રોકડ ચૂકવણીમાં બેન્કમાંથી ઉપાડેલ રોકડ રકમ તથા બેંકમાં ભરેલ રોકડ રકમ સિવાયની બધી રોકડ લેતી-દેતી નો સમાવેશ થાય છે દા.ત. માલિક કે ભાગીદારોના ખાતામાં થયેલા રોકડ વ્યવહારો.

(૩) રૂા. ૧ કરોડથી વધુ ટર્નઓવર હોય અને રૂા. ૫ કરોડથી ઓછું ટર્નઓવર હોય તો પણ ભાગીદારી પેઢીએ ઓડિટ કરાવવું ફરજીયાત ગણવું. કારણ જો નવી જોગવાઈ પ્રમાણે ઓડીટ કરાવવામાં ના આવે તો કમિશન ટર્નઓવર સિવાયના ટર્ન ઓવરનો નફો ઉચ્ચક ૬% કે ૮% ગણાય અને ભાગીદારોનું વ્યાજ તથા ભાગીદારોનો પગાર બાદ મળે નહીં એટલે કલમ 44AD હેઠળ ઓડીટ કરાવવું પડે તો જ ચોપડા પ્રમાણેની આવકનું રીટર્ન ભરી શકાય.

D.P. THAKKER & CO.

**(૧૧) કલમ 44AD હેઠળ ૬% કે ૮% લેખે અંદાજીત આવક અને કલમ 44AD હેઠળ ફરજીયાત ઓડિટ :-**

જે વેપારીઓને વેચાણનું પેમેન્ટ એકાઉન્ટ પેયી ચેક કે એકાઉન્ટ પેયી ડ્રાફ્ટ કે ECS થી મળેલું હોય અને નેટ નફો ૬% થી ઓછો હોય પરંતુ ટર્નઓવર ના ૬% પ્રમાણેની આવક ગણી રિટર્ન ભરવું હોય કે જે વેપારીઓનું ચોપડા મુજબનું વેચાણ રોકડેથી/ક્રોસ ચેકથી થયેલું હોય અને નેટ નફો ૮% થી ઓછો હોય પરંતુ ટર્ન ઓવરના ૮% પ્રમાણેની આવક ગણી રિટર્ન ભરવું હોય તેમના માટે નીચે પ્રમાણે જોગવાઈ છે :-

(૧) ગઈ સાલ જે વેપારીઓએ આ યોજનાનો લાભ લઈ ઈન્કમટેક્ષ રિટર્ન અંદાજીત આવક ગણી ભરેલ હોય તેમના કેસમાં આ જોગવાઈ મુજબ ૫ વર્ષ સુધી આ પ્રમાણે આવક અંદાજી રિટર્ન અને ટેક્ષ ભરવો પડે.

(૨) જો આ પ્રમાણે આ યોજના હેઠળ ૫ વર્ષ સુધી રિટર્ન ના ભરવું હોય તો ચોપડા ઓડીટ કરાવી ઓડીટ રીપોર્ટ સાથે રીટર્ન ફાઈલ કરી તે પ્રમાણે ટેક્ષ ભરવો પડે.

(૩) ભાગીદારી પેઢીના ભાગીદારોને આપવામાં આવતું વ્યાજ, પગાર તથા ઘસારો ધંધાની આ રીતે ૬% કે ૮% ની અંદાજીત આવક જે નક્કી થાય તેમાંથી બાદ મળશે નહિ. એટલે કે ભાગીદારી પેઢીના કેસમાં આ યોજના નુકશાનકારક છે. એટલે આવી ભાગીદારી પેઢીઓએ ફરજીયાત ઓડીટ કરાવીને ચોપડાની આવક પ્રમાણે રીટર્ન ભરવું સલાહ ભર્યું છે.

(૪) જે ભાગીદારી પેઢીએ ભાગીદારોને આપેલ વ્યાજ, પગાર, ઘસારો અને ધંધાના ખર્ચા બાદ લેવા ન હોય તે ભાગીદારી પેઢી આ યોજના હેઠળ ૬% કે ૮% પ્રમાણે લાગુ પડતા દરે આવક અંદાજી રીટર્ન ભરી શકે અને તેમને ઓડીટ કરાવવું ફરજીયાત નથી.

(૫) જે વેપારી આ અંદાજીત આવક યોજનાનો લાભ જે વર્ષ માટે લે તે પછીના પાંચ વર્ષ સુધી તેમણે આ યોજના હેઠળ અંદાજીત આવક દર્શાવી રીટર્ન ભરવા પડે નહીંતર ઓડીટ કરાવવું પડે અને જો ઓડીટ કરાવીને રીટર્ન ભરે તો પાંચ વર્ષ સુધી આ અંદાજીત આવક યોજનાનો લાભ લઈ શકે નહી એટલે કે કલમ 44AD હેઠળ ઓડીટ કરાવીને રીટર્ન ભરવું પડે.

(૬) કલમ 44AD હેઠળ રૂા. ૨ કરોડ સુધીનું ટર્નઓવર હોય અને ૬% કે ૮% પ્રમાણે અંદાજીત આવક ઉપર ટેક્ષ ભરવામાં આવે તો ઓડીટ કરાવવું ફરજીયાત નથી.

(૭) કલમ 44AD માટે ગ્રોસ વકરો કે Receipt ની મર્યાદા રૂા. પાંચ કરોડ છે પરંતુ જે વેપારીઓ કલમ 44AD હેઠળ રીટર્ન ભરતા ના હોય તેમને રૂા. પાંચ કરોડના ટર્ન ઓવરની લીમીટ લાગુ પડે નહીં અને તેમના કેસમાં વેપાર ધંધાના ટર્નઓવરની લીમીટ રૂા. ૧ કરોડની લાગુ પડે.

(૮) જે વેપારીઓને ધંધામાં નુકશાન હોય અને આવું નુકશાન આગળ ખેંચવું હોય તેમણે ઓડીટ કરાવી સમય મર્યાદામાં રીટર્ન ભરવું જોઈએ. તો જ નુકશાન પછીના વર્ષમાં આગળ ખેંચી શકાય.

**(૧૨) 44ADA હેઠળ ૫૦% લેખે અંદાજીત આવક (પ્રોફેશનલ વ્યક્તિ માટે) OR કલમ 44ADA હેઠળ ફરજીયાત ઓડિટ :**

(૧) ડૉક્ટર કે વકીલો કે આર્કિટેકટ કે એન્જિનિયરો કે ટેકનીશીયનો વિગેરેની વાર્ષિક પ્રોફેશનલ ગ્રોસ RECEIPT રૂા. ૫૦ લાખથી વધારે ના હોય તો તેઓ કલમ 44ADA હેઠળ અંદાજીત આવક યોજના હેઠળ ગ્રોસ RECEIPT

D.P. THAKKER & CO.

ના ૫૦% પ્રમાણે આવક અંદાજી આ યોજનાનો લાભ લઈ શકશે. પરંતુ આ રીતે ૫૦% પ્રમાણે અંદાજીત જે આવક નક્કી થાય તેમાંથી કોઈ રકમના ખર્ચા કે કોઈ ઘસારાની રકમ બાદ મળશે નહી અને જો આ રીતે અંદાજિત ૫૦% RECEIPT નો ટેક્ષ ના ભરવો હોય અને હિસાબી ચોપડા પ્રમાણે ટેક્ષ ભરવો હોય તો હિસાબો ઓડિટ કરાવી ઓડિટ રિપોર્ટ સાથે રીટર્ન ભરવું પડે.

## (૧૩) વર્ષ આખરે ક્લોઝિંગ સ્ટોક - માલ બેલેન્સ વેલ્યૂએશન માટેની જોગવાઈ :

તારીખ ૩૧/૦૩/૨૦૨૧ ના ક્લોઝિંગ સ્ટોક એટલે કે માલ બેલેન્સ ના વેલ્યૂએશન માટેની ફરજીયાત જોગવાઈ

(૧) ઈન્કમટેક્ષ કાયદામાં ઈન્કમટેક્ષ કોમ્પ્યુટેશનત એન્ડ ડિસ્કલોઝર સ્ટાન્ડર્ડ (ICDS) જાહેર કરેલ છે તે પ્રમાણે વર્ષ આખરે માલ સ્ટોકનું વેલ્યૂએશન કેવી રીતે કરવું જોઈએ તે નક્કી કરેલ છે. તે મુજબ નીચે પ્રમાણે સ્ટોકનું વેલ્યુએશન કરવું જોઈએ.

(૧) માલની પડતર કિંમત જેમાં ટેક્ષ સાથેની ખરીદ કિંમત + ટ્રાન્સપોર્ટેશન અને મજૂરીનો સમાવેશ થાય છે અથવા માલ વેચો અને જે રકમ ઉપજી શકે તેમ હોય એટલે કે માલની અંદાજીત વેચાણ કિંમત (નેટ રિઅલાઈઝેબલ વેલ્યુ) આ બેમાંથી જે રકમ ઓછી હોય તે રકમ માલ સ્ટોક તરીકે મુકવાની રહેશે.

(૨) સ્ટોક પડતર કિંમત ગણવા માટે "FIFO" મેથડ એટલે કે ‘‘ફર્સ્ટ ઈન ફર્સ્ટ આઉટ’’ પ્રમાણે જે માલ પહેલા ખરીદ કરેલો હોય તે પહેલો વેચાણ થઈ ગયો તેમ ગણાય એટલે જેટલા વજનનો સ્ટોક હોય તેટલા વજનની છેલ્લી ખરીદી સ્ટોકમાં ગણાય અથવા એકથી વધારે મહિનાની ખરીદી નો માલ સ્ટોકમાં હોય તો ‘‘વેઈટેડ એવરેજ ખરીદ કિંમત’’ સ્ટોકની કોસ્ટ નક્કી કરવા માટે ગણી શકાય.

(૩) માલ સ્ટોક ઉપર વ્યાજ ભરતા હો તો વ્યાજની રકમ સ્ટોકના વેલ્યૂએશનમાં ઉમેરી શકાય નહીં.

(૪) તેવીજ રીતે ગોડાઉન ભાડું કે બીજા ઓફિસ ખર્ચ વિગેરે પણ સ્ટોકના વેલ્યૂએશનમાં ઉમેરી શકાય નહીં.

(૫) તારીખ : ૩૧/૦૩/૨૦૨૧ ના રોજ જે માલ સ્ટોકમાં હોય તેનું વેલ્યૂએશન ઉપરની પધ્ધતિથી કરવું જરૂરી છે અને જો આ પ્રમાણે વેલ્યૂએશન પૂરવાર કરી શકાય નહીં તો સ્ટોકનું વેલ્યૂએશન ઈન્કમટેક્ષનું ખાતું ઉપરની પધ્ધતિથી કરી શકશે અને જો સ્ટોકનું વેલ્યૂએશન ઓછું મૂકેલું હોય તો ડિફરન્સની રકમ આવકમાં ઉમેરી શકશે અને જો સ્ટોક વેલ્યૂએશનની રકમ વધારે મૂકી હોય તો તેટલી સ્ટોકની રકમ ઓછી કરી શકશે.

(૬) સ્ટોક વેલ્યૂએશનમાં તફાવત માટે પેન્લ્ટી થઈ શકશે.

(૭) ઘણી વખત માલ સ્ટોક વધુ સમય પડી રહે છે તેથી વ્યાજ, વખાર ભાડું અને ઓફિસ ખર્ચ વગેરે ખર્ચની રકમ કેટલાક વેપારી માલ સ્ટોકની રકમમાં ઉમેરીને સ્ટોક વેલ્યૂએશન બતાવતા હોય છે પણ આ પધ્ધતિ બંધ થઈ ગઈ છે.

(૮) કોન્ટ્રાકટરના કેસમાં વર્ષ આખરે ૩૧ મી માર્ચના રોજ ઉપરના સિધ્ધાંતો પ્રમાણે નીચેની રીતે સ્ટોક મુકવો પડે :-

(૧) માલ સામાન અને મટીરીલ્સના સ્ટોકની ગણત્રી કરી પડતર કિંમતે ક્લોઝિંગ સ્ટોક બતાવવો પડે.

(૨) વર્ક ઈન પ્રોગ્રેસની ગણત્રી કરી તેની પડતર કિંમત બતાવવી પડે.

D.P.THAKKER & CO.

(૩) માલ સામાન કે મજૂરીનું એડવાન્સ પેમેન્ટ કરેલું હોય તે રકમ નફા-નુકશાનમાં માંડી વળાય નહીં પરંતુ આગળ ખેંચવી પડે.

(૪) તેવી જ રીતે એડવાન્સ રકમ જે મળી હોય તે બિલમાં નહી ગણતા આગળ ખેંચવી પડે અને કામ થાય તેના પ્રમાણસર બીલની આવક તરીકે જમા લેવી જોઇએ.

(૫) તેવી જ રીતે કોન્ટ્રાકટરના બીલોમાં રિટેન્શન મની જે રાખેલા હોય તે RECEIPT માં ગણાશે.

(૬) કામ એક વર્ષથી વધુ વર્ષ માટે ચાલુ રહે તો તા. ૩૧/૩/૨૦૨૧ સુધી થયેલા કામનું નફો-નુકશાન બતાવવું પડે કારણ પ્રોજેક્ટ પૂરો થયેથી નફો-નુકશાન બતાવવાની પધ્ધતિ બંધ થઇ છે.

(૯) બિલ્ડરોના કેસમાં નફો કેવી રીતે બતાવવો તેની વિશિષ્ટ જોગવાઈ કરેલી છે તે માટે બિલ્ડર ભાઇઓએ આ પધ્ધતિ સમજવા માટે રુબરુ મળવું.

(૧૦)ઉત્પાકદકોના કેસમાં પણ ફીનિશ્ડ પ્રોડકટ, રો મટીરીયલ્સ-સેમી ફીનિશ્ડ ગુડ્સ, કન્ઝ્યુમેબલ સ્ટોર્સ વિગેરેનો સ્ટોક ઉપર લખ્યા પ્રમાણે ગણતરીમાં લેવો જોઇએ.

## (૧૪) PAN (પરમેનન્ટ એકાઉન્ટ નંબર) તથા આધાર કાર્ડની અગત્યતા :

(૧) વેપાર ધંધો કે નોકરી કરતા હોય કે બેંક ખાતું ખોલાવવું હોય કે સ્થાવર મિલકત ખરીદવી હોય કે વેચવી હોય કે ઇન્કમટેક્ષ ભરવો હોય કે ફોટો આઇડેન્ટીટી પ્રુફ આપવું હોય તો PAN અને આધાર કાર્ડ નંબર વગર ચાલે તેમ નથી એટલે PAN અને આધાર નંબર હોવો જરૂરી અને ફરજીયાત છે.

(૨) PAN ખોટો લખવામાં આવે તો રૂા. ૧૦,૦૦૦/- નો દંડ થાય તેવી જોગવાઈ છે. માટે PAN સાચો લખવાની કાળજી લેવી તે માટે PAN નો સિક્કો બનાવી જરૂર હોય ત્યાં લગાવવો સલાહ ભર્યું છે.

(૩) જેમને પોતાને મળતી આવકમાંથી TDS થવાની હોય તેમણે આવી રકમનું પેમેન્ટ કરનારને PAN ની ઝેરોક્ષ કોપી આપવી જરૂરી છે જેથી ભૂલ પડે નહિ અને TDS ની ક્રેડિટ મલે.

(૪) પેમેન્ટ આપનાર તથા પેમેન્ટ લેનાર બંને એ એકબીજાને મોકલવામાં આવતાં બીલ કે ઇન્વોઇસ કે ખાતાના ઉતારા કે પત્ર વ્યવહાર કે દસ્તાવેજો વિગેરેમાં પોતાનો PAN લખવો જરૂરી છે.

(૫) ટ્રાન્સપોર્ટનો ધંધો કરનારે ટ્રાન્સપોર્ટ રસીદમાં PAN છપાવવો હિતાવહ છે.

(૬) PAN તથા આધારકાર્ડ, ઇ.ટેક્ષ પોર્ટલ ઉપર લીંક કરવા ફરજીયાત છે. નહીંતર મોટી પેનલ્ટી થશે અને I-TAX રીટર્નનું ઇ-વેરી ફીકેશન થઇ નહી શકે.

(૭) PAN કાર્ડમાં નામ હોય તે પ્રમાણે બેંક એકાઉન્ટમાં નામ હોવું જરૂરી છે નહીંતર ઇ.ટેક્ષનું રીફંડ બેંક એકાઉન્ટમાં જમા નહી થાય.

## (૧૫) પેનલ્ટી માટેની જોગવાઈ :

### (૧) આવક ઓછી બતાવવા બદલ ૫૦% દંડ

નીચેના સંજોગોમાં આવક ઓછી બતાવેલી ગણાશે :

(૧) એસેસમેન્ટ ઓર્ડર પ્રમાણેની આવક રીટર્નમાં બતાવેલી આવક કરતા વધુ હોય તો જેટલી આવક વધારે હોય તે રકમ ઓછી આવક બતાવી છે તેમ ગણાશે.

(૨) રીટર્ન ભરેલું ના હોય અને એસેસમેન્ટ ઓર્ડર પ્રમાણે કર મુક્તિ મર્યાદા બાદ કર્યા પછી જે વધારે આવક હોય તે રકમ ઓછી આવક બતાવી છે તેમ ગણાશે.

D.P. THAKKER & CO.

(૩) રી-એસેસમેન્ટના કેસમાં ઓરીજનલ એસેસમેન્ટ કરતા આવકની વધારેલી રકમ ઓછી આવક બતાવી છે તેમ ગણાશે.

(૪) એસેસમેન્ટ ઓર્ડર પ્રમાણે MAT / AMT ની આવક કલમ ૧૪૩ (૧) A ની ઈન્ટિમેશનથી વધુ હોય તો

(૫) એસેસમેન્ટ કે રી-એસેસમેન્ટના કારણે નુકશાનની રકમ ઓછી થાય તો આવી ઓછી થયેલી નુકશાનની રકમ-આવક ઓછી બતાવી તેમ ગણાશે.

**(૨) આવક ખોટી બતાવવા બદલ ૨૦૦% દંડ**

નીચેના સંજોગોમાં આવક ખોટી બતાવી તેમ ગણાશે :-

(૧) હકીકત છુપાવવામાં આવી હોય કે ખોટી રજુઆત કરવામાં આવી હોય તો

(૨) હિસાબી ચોપડામાં રોકાણ કે અન્ય વિગત નોંધેલી ના હોય

(૩) ખર્ચ માટે કોઈ પુરાવા રજુ કરેલ ના હોય

(૪) હિસાબી ચોપડામાં ખોટી એન્ટ્રી નાંખી હોય

(૫) આવકની ગણત્રી માટેની કોઈ રકમ હિસાબી ચોપડામાં નોંધી ના હોય

(૬) ઈન્ટેરનશનલ ટ્રાન્ઝેક્શન કે ડોમેસ્ટિક ટ્રાન્ઝેકશનના ઓડિટ રિપોર્ટ ના કરાવ્યા હોય

**(૩) હિસાબી ચોપડામાં ખોટી એન્ટ્રી કરવા માટે કે કોઈ એન્ટ્રી ના કરવા માટે આકરા દંડની જોગવાઈ :**

(૧) તારીખ ૧/૪/૨૦૨૦ થી આકરા દંડની જોગવાઈ કરેલ છે.

(૨) હિસાબી ચોપડામાં FALSE ENTRY એટલે કે ખોટી એન્ટ્રી કરવા માટે કે કોઈ એન્ટ્રી ના કરવા માટે એન્ટ્રીની રકમ જેટલો એટલે કે ૧૦૦% દંડ કરવાની નવી જોગવાઈ કરી છે.

(૩) ઉપર પ્રમાણે ખોટી એન્ટ્રી કરનાર તથા આવી ખોટી એન્ટ્રી કરાવવા જવાબદાર શખ્સ બંને ઉપર દંડ થઈ શકશે.

(૪) FALSE ENTRY માં બનાવટી કે ખોટા દસ્તાવેજો એટલે કે માલ કે સર્વિસના ખોટા બીલો કે જે શખ્સનું અસ્તિત્વ ના હોય  તેવા નામે ટેક્ષ બચાવવા લીધેલા ખોટા બીલો, E-WAY બિલ વિગેરેનો સમાવેશ થાય છે.

(૫) GST ખાતું કે અન્ય સરકારી ખાતું ખોટા વ્યવહારોની જાણ ઈન્કમટેક્ષ ખાતાને કરતા હોય છે તેવી જ રીતે ઈન્કમટેક્ષ ખાતું GST ખાતાને જાણ કરતું હોય છે.

(૬) આ જોગવાઈ દરેકને લાગુ પડે છે. તેથી ખુબજ સાવચેતી રાખી હિસાબોમાં ઉપર પ્રમાણેની કોઈ ભૂલ રહે નહીં તે માટે વિશેષ કાળજી લેવી જરૂરી છે.

**(૧૬) ઈન્કમટેક્ષ કાયદાની કેટલીક અગત્યની જોગવાઈઓ :**

(૧) ધંધા અંગેની ખરીદી કે ખર્ચ રોકડેથી કરવાની મર્યાદા રૂા. ૧૦,૦૦૦/- છે તેનાથી વધુ રકમનું ખર્ચ જો રોકડેથી કરેલ હશે તો બાદ નહીં મળે.

(૨) જે મિલકતનો ઘસારો લેવાનો હોય તેની ખરીદી કે ખર્ચ રોકડેથી કરવાની મર્યાદા ૧૦,૦૦૦/- છે તેથી વધુ રકમની ખરીદી હોય તો એકાઉન્ટ પે ચેકથી કરવી જોઈએ નહીંતર ઘસારો બાદ મળે નહીં.

(૩) બિલ્ડર અને રીઅલ એસ્ટેટનો ધંધો કરનાર ના કેસમાં પુરી થયેલી સ્કીમનું BU જે નાણાંકીય વર્ષમાં મળેલું હોય તે પછીના ત્રીજા નાણાંકીય વર્ષમાં વેચાયા વગરના કે ભાડે આપ્યા વગરના ફ્લેટ, બંગલા, દુકાનો, ઓફિસો, વિગેરે જે ક્લોઝીંગ સ્ટોકમાં રહેલા હોય તે જો ભાડે આપેલા હોત અને જે ભાડું મળવાપાત્ર થાય તે

D.P. THAKKER & CO.

ભાડાની રકમ અંદાજી ને તે રકમ ને ભાડાની આવક તરીકે ઈન્કમટેક્ષ રિટર્નમાં બતાવવી પડે અને તેના ઉપર ઈ-ટેક્ષ ભરવો પડે.

(૪) રૂા. ૨,૦૦,૦૦૦/- ઉપરના રોકડના વ્યવહારની જોગવાઈ (દરેક કરદાતાને લાગુ પડે છે)

(૧) કોઈપણ એક દિવસમાં કોઈ વ્યક્તિ/HUF/AOP/FIRM/Company / LLP રૂા. ૨ લાખ કે તેથી વધુ રકમ કોઈપણ વ્યક્તિ પાસેથી એક સાથે કે ટુકડે - ટુકડે લઈ શકશે નહીં.

(૨) એક જ વ્યવહાર માટે રૂા. ૨ લાખ કે વધુની રોકડ રકમ લઈ શકાશે નહીં.

(૩) કોઈ ભાગીદારે પેઢીમાં **આખા વર્ષમાં રૂા. ૨ લાખ** કરતા વધારે રોકડ ઉપાડવાનો કે જમા કરાવવાનો વ્યવહાર કરાય નહીં.

(૪) કોઈ એક ઈવેન્ટ કે પ્રસંગ માટે કોઈ પણ પાસેથી રૂા. ૨ લાખ કે વધુની રોકડ રકમ લઈ કે આપી શકાશે નહીં તેમ છતાં ઉપરની જોગવાઈનો ભંગ કરીને રૂા. ૨ લાખ કે તેથી વધુ રોકડ રકમનો વ્યવહાર કરવામાં આવે તો જેટલી રકમ લીધી હોય તેટલો દંડ આવી રકમ લેનાર ઉપર લાગશે.

(૫) લોંગ ટર્મ કેપીટલ ગેઈન ગણવા માટે શેરો સિવાયની મિલ્કતની સમયમર્યાદા ૨૪ મહિના છે એટલે કે ખરીદ તારીખથી ૨૪ માસ પછી વેચાણ થવું જોઈએ.

(૬) તારીખ : ૧/૪/૨૦૦૧ પહેલાની ખરીદેલી મિલકત માટે આવી મિલકતની તારીખ ૧/૪/૨૦૦૧ ની જંત્રી કિંમત COST તરીકે ગણવાની રહેશે. (જે માટે વેલ્યૂએશન રીપોર્ટ કરાવવો હિતાવહ છે) અને તેની ઈન્ડેક્ષ કોસ્ટ બાદ મળશે.

(૭) મકાન મિલ્કતની આવક હેઠળ રૂા. ૨ લાખથી વધુ રકમનું નુકશાન અન્ય આવક સામે બાદ મળશે નહીં

(૮) જમીન અને મકાનના વેચાણથી થતાં લોંગટર્મ કેપીટલ ગેઈનની રકમનું રોકાણ વેચાણ તારીખથી ૬ માસમાં કેપીટલ ગેઈન સ્કીમના બોન્ડમાં પાંચ વર્ષ સુધી કરવામાં આવે તો કોઈ કેપિટલ ગેઈન ટેક્ષ ભરવો ના પડે.

(૯) રૂા. ૨૦,૦૦૦/- ઉપરની લોન - ડિપોઝીટ અંગેની અગત્યની જોગવાઈ :-

(૧) ચોપડામાં કોઈની **રૂા. ૨૦,૦૦૦/-** ઉપરની લોન કે ડિપોઝીટ જમા કરવી હોય તો તે એકાઉન્ટ પેયી ચેક કે ડ્રાફટથી કે ECS થી જ જમા લઈ શકાય તેવી જ રીતે **રૂા. ૨૦૦૦૦/-** ઉપરની લોન કે ડિપોઝીટનું પેમેન્ટ કરવાનું હોય તો તે પણ એકાઉન્ટ પેયી ચેક કે ડ્રાફટથી કે ECS થી ડીપોઝીટરોને જ કરવું પડે જો આવી લોન કે ડિપોઝીટ રોકડેથી લેવામાં આવે કે ચુકવવામાં આવે તો તેટલી રકમનો દંડ થાય.

(૨) કોઈના ખાતામાં એકવાર **રૂા. ૨૦,૦૦૦/-** જમા થયેલા હોય તો પછી તે ખાતામાં એક રુપીયો જમા કરવો હોય કે ચૂકવવો હોય તો પણ એકાઉન્ટ પેયી ચેકથી વ્યવહાર કરવો પડે.

(૧૦)કોઈપણ મિલકત ખરીદીનું પેમેન્ટ રૂા. ૨૦,૦૦૦/- ઉપર આપવાનું હોય કે મિલકત વેચાણનું પેમેન્ટ **રૂા. ૨૦,૦૦૦/-** ઉપર લેવાનું હોય તો તે પણ એકાઉન્ટ પેયી ચેકથી કરવું ફરજીયાત છે. નહીંતર જો રોકડેથી પેમેન્ટ કરવામાં આવે તો વેચનાર તથા ખરીદનાર બંને એ રોકડેથી કરેલ વ્યવહાર જેટલી પેનલ્ટી ભરવી પડે.

(૧૧)જંત્રી કીંમત કરતા ઓછી કિંમતે જો જમીન કે મકાનનો વેચાણ દસ્તાવેજ કરેલ હશે તો વેચનારે તથા લેનાર બંનેએ ડીફરન્સની રકમ ઉપર ઈન્કમટેક્ષ ભરવો પડશે.

(૧૨)તા. ૧/૪/૨૦૨૦ થી લીમીટેડ કંપનીમાંથી મળતું ડીવીડન્ડ ટેક્ષેબલ છે જે અન્ય આવકમાં ઉમેરીને લાગુ પડતા ઈ. ટેક્ષના દરથી ટેક્ષ ભરવો પડશે.

D.P.THAKKER & CO.

## (૧૭) શેરોના મૂડી નફા માટે (કેપિટલ ગેઈન) ની વિશિષ્ટ જોગવાઈ :

(૧) જે શેરોના ખરીદ વેચાણ ઉપર STT ભરેલો હોય અને ખરીદ તારીખથી બાર મહિના પછી તેનું વેચાણ કરવામાં આવે તો આવા શેરના વેચાણ ઉપર જે નફો થાય તે રૂા. ૧,૦૦,૦૦૦/- સુધી માફ છે અને બાકીની રકમ ઉપર ૧૦% પ્રમાણે કેપીટલ ગેઈન ટેક્ષ લાગશે.

(૨) આવા શેર જો ૩૧/૦૧/૨૦૧૮ પહેલા ખરીદ કરેલ હોય તો તેની ૩૧/૧/૨૦૧૮ ની સ્ટોક એક્સચેન્જની લીસ્ટેડ કિંમત કોસ્ટ તરીકે બાદ મળે છે.

(૩) આવા શેરની ખરીદ કિંમતની ઈન્ડેક્સ કોસ્ટ બાદ મળશે નહીં.

(૪) અગાઉ લિમિટેડ કંપનીના શેરોના (જો STT ભરેલો હોય તો), વેચાણનો નફો પુરેપુરો બાદ મળતો હતો તે હવે રૂા. ૧,૦૦,૦૦૦/- સુધી જ બાદ મળશે.

## (૧૮) ગીફટ (બક્ષિસ) અંગે ઈન્કમટેક્ષ ની જોગવાઈ :

(૧) વ્યક્તિ કે HUF ને એક નાણાંકીય વર્ષમાં એક વ્યક્તિ કે વધારે વ્યક્તિઓ પાસેથી કુલ રૂા. ૫૦,૦૦૦/- (રૂા. પચાસ હજાર) સુધીની રોકડા/ચેક કે વસ્તુ કે મિલકતના રુપમાં મળેલી બક્ષિસ માફ છે.

(૨) પરંતુ જો ઉપર પ્રમાણે રૂા. ૫૦,૦૦૦/- થી વધુ રકમની બક્ષીશ મળે તો બક્ષિસની બધી રકમ આવકમાં ગણાય છે અને જે તે વર્ષની આવકમાં ઉમેરવામાં આવશે અને તેના ઉપર ઈ.ટેક્ષ ભરવો પડશે.

(૩) વ્યક્તિને જો તેના **નીચેના સગા પાસેથી** કુદરતી વહાલ અને પ્રેમના કારણે બક્ષીશની રકમ મલી હોય તો તે આવક તરીકે ગણાશે નહીં.

(૧) માતા-પિતા (૨) દાદા-દાદી (૩) નાના-નાની (૪) પતિ-પત્ની (૫) ભાઈ-ભાભી (૬) બેન-બનેવી (૭) પુત્ર-પુત્રવધુ (૮) પુત્રી-જમાઇ (૯) પૌત્ર-પૌત્રવધુ (૧૦) પ્રપૌત્ર-પ્રપૌત્રવધુ (૧૧) સાળી-સાઢુ (૧૨) સાળા-સાળાવેલી (૧૩) સાસુ-સસરા (૧૪) વડસાસુ-વડસસરા (૧૫) નણંદ-નણદોઇ (૧૬) જેઠ-જેઠાણી (૧૭) દિયર-દેરાણી (૧૮) કાકા-કાકી (૧૯) મામા-મામી (૨૦) માસા-માસી (૨૧) ફોઈ-ફુવા

(૪) સાસુ-સસરા પુત્રવધુને બક્ષીસ આપે કે પતિ - પત્ની એક બીજાની ગીફટ આપે કે કોઇ વ્યક્તિ પોતાના HUF ને ગીફટ આપે તો આવી ગીફટની રકમ માંથી જે આવક થાય તે ગીફટ આપનારની ગણાશે.

(૫) નીચેના સગા પાસેથી ગીફટ લઇ શકાય નહિ.

(૧) ભત્રીજો-ભત્રીજી (૨) ભાણો-ભાણી (૩) ફૂવાજી-ફઇજી (૪) માસાજી-માસીજી (૫) કાકા-સસરા-કાકી સાસુ (૬) કોઈપણ સગાના એચ.યુ.એફ.

(૬) ઉપર જણાવેલ સગા સિવાય બીજા કોઈપણ સગા પાસેથી બક્ષીશની રકમ કે વસ્તુ કે મિલકત મળી હોય તો તેવી બક્ષીસ રૂા. ૫૦,૦૦૦/- થી વધુ હોય તો આવક ગણાય.

(૭) HUF ના કેસમાં તેના સભ્યોના સમાવેશ થાય છે એટલે વ્યક્તિને તેના HUF પાસેથી મળેલી બક્ષીશ આવક ગણાશે નહીં પરંતુ વ્યક્તિ જો તેના HUF ને બક્ષીશ આપે તો આવી બક્ષિસની રકમમાંથી ઉદભવતી આવક વ્યક્તિના કેસમાં ઉમેરવામાં આવશે.

(૮) વ્યક્તિ કે HUF સિવાય કોઈપણ શખ્સ ને રૂા. ૫૦,૦૦૦/- થી વધુ રકમની બક્ષીસ મળે તો કરપાત્ર ગણવામાં આવશે.

(૯) અપવાદરૂપે નીચે જણાવેલી બક્ષિશની રકમ આવક ગણાશે નહીં.

(૧) વ્યક્તિને લગ્ન પ્રસંગે મળેલી બક્ષીસની રકમ

(૨) વ્યક્તિ કે તેના HUF ને વીલ કે વારસાઈથી મળેલ રકમ

D.P. THAKKER & CO.

## (૧૯) GST :-

(૧) E-INVOICE બનાવવા અંગે

(૧) જે વેપારી ભાઇઓને F.Y. 2017-18 થી F.Y. 2020-21 દરમ્યાન કોઇ પણ વર્ષમાં કુલ વેચાણ રૂા. ૫૦ કરોડથી વધારે હોય તેમણે તા. ૦૧/૦૪/૨૦૨૧ થી ફરજીયાત ઓનલાઇન વેચાણ બીલો GST ખાતાના E-INVOICE પોર્ટલ ઉપર IRN NUMBER જનરેટ કરીને બનાવવાના રહેશે.

(૨) E-INVOICE પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન કરવા માટે E-WAY BILL જનરેટ કરવા માટે તમે જે પાસવર્ડ આપેલ હોય તે પાસવર્ડથી Login થઇ શકાશે.

(૨) તા. ૦૧-૦૪-૨૦૨૧ થી દરેક વેપારીએ વેચાણ બીલમાં તથા GSTR-1 રીટર્નમાં નીચે મુજબ HSN કોડ લખવા ફરજીયાત છે.

| | | |
|---|---|---|
| (૧) | રૂા. ૫ કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતા વેપારીઓ માટે..... | ૪ ડીઝીટમાં (૮ ડીજીટના લખી શકાય) |
| (૨) | રૂા. ૫ કરોડથી વધુ ટર્નઓવર ધરાવતા વેપારીઓ માટે..... | ૬ ડીઝીટમાં (૮ ડીજીટના લખી શકાય) |
| (૩) | એક્ષપોર્ટરો માટે... | ૮ ડીઝીટમાં |

(૩) ત્રિમાસીક પત્રક :

(૧) જે વેપારીઓનું પાછલા વર્ષનું કુલ ટર્ન ઓવર રૂા. પાંચ કરોડથી ઓછું હોય અને Lumpsum નો ઓપ્શન લીધેલ ન હોય તેવા વેપારીઓ ત્રિમાસીક રીટર્ન ભરવાનો ઓપ્શન Online સ્વીકારી શકશે.

(૨) આવા વેપારીઓએ ટેક્ષ દર મહીને જ ભરવાનો છે

(૩) આ અંગેની વિગતવાર માહીતી અમારા તા. ૦૮-૦૧-૨૦૨૧ ના સરક્યુલરમાં આપેલી છે. તે જોઇ લેવી.

(૪) જે વેપારીઓ ત્રિમાસીક પત્રક ભરતા હોય તેમણે દર મહીને જે વેચાણો કરેલ હશે તેની સામેના વેપારીને ટેક્ષની ક્રેડીટ મળશે નહીં. પરંતુ દર ત્રણ મહીને જ મળશે. આ કારણથી કોઇ વેપારી ત્રિમાસીક પત્રક ભરતા હોય અને તેમને હવે તા. ૦૧-૦૪-૨૦૨૧ થી માસીક પત્રકો ભરવા હોય તો તે માટેનો ઓપ્શન તા. ૩૦-૦૪-૨૦૨૧ પહેલા Online સ્વીકારવો પડે. એટલે આવા વેપારીઓએ તુરંત અમને જાણ કરવી.

**(૪) માસીક રૂા. ૫૦ લાખથી વધુ ટર્ન ઓવરવાળા વેપારીઓએ કુલ ટેક્ષના મીનીમમ ૧% રકમ ચલણથી ભરવાનો નવો નીયમ કરેલ છે. આની વિસ્તૃત માહીતી અમારા તા. ૦૮-૦૧-૨૦૨૧ ના GST સરક્યુલરમાં આપેલી છે. તે જોઇ લેવી.**

(૫) GST **નંબર સસ્પેન્ડ કરવાના સ્પેશ્યલ પાવર :**

(૧) હવે GST ઓફિસર નીચેના સંજોગોમાં વેપારીનો GST નંબર સસ્પેન્ડ કરી શકશે.

(૧) વેપારીએ તેના GSTR-1 રીટર્નમાં જે વેચાણો બતાવેલા હોય તેના કરતા GSTR-3B રીટર્નમાં ઓછા વેચાણ બતાવે તો...

(૨) જે વેપારીને મીનીમમ 1% ટેક્ષ ભરવાની જવાબદારી હોય અને જો આ 1% ટેક્ષ ન ભરે તો..

D.P. THAKKER & CO.

(૩) GSTR-3B રીટર્નમાં તે મહિનાના GSTR-2B માં દેખાતી હોય તેના 5% કરતા વધારે ITC (ટેક્ષ ક્રેડીટ) માંગે તો..

(૪) જે વેપારીઓનો GST નંબર સસ્પેન્ડ કરવામાં આવે તેમને ઓનલાઇન નોટીસ દ્વારા તેની જાણ કરવામાં આવશે અને વેપારીએ તેનો યોગ્ય ખુલાસો આપવાનો રહેશે. વેપારીનો ખુલાસો અધિકારીને જો યોગ્ય નહીં લાગે તો વેપારીનો નંબર કેન્સલ કરવામાં આવશે. પરંતુ જો વેપારીનો ખુલાસો અધિકારીને યોગ્ય લાગે તો GST નંબર રીવોક કરવામાં આવશે એટલે કે જે તારીખ થી નંબર સસ્પેન્ડ કરવામાં આવેલ હોય તે તારીખથી પાછો ચાલુ કરી આપવામાં આવશે.

(૫) જે વેપારીનો GST નંબર સસ્પેન્ડ કરવામાં આવે તેને કોઇ રીફંડ આપવામાં આવશે નહીં.

**(૬) GST ની કરચોરી અટકાવવા માટેના સરકારશ્રીના કડક પગલા :**

(૧) જે વેપારીએ પાછળના બે મહીનાના GSTR-3B રીટર્ન નહીં ભરેલ હોય તેઓ GSTR-1 રીટર્ન ભરી શકશે નહીં.

(૨) ત્રિમાસીક રીટર્ન ભરતા વેપારીએ જો આગળના ત્રિમાસીક હપ્તાનું GSTR-3B રીટર્ન ભરેલ નહીં હોય તો તે વેપારી GSTR-1 રીટર્ન ભરી શકશે નહીં.

(૩) વેપારીએ GSTR-3B રીટર્નમાં જે ITC માંગેલ હોય તે રકમ તેના તે મહીનાના GSTR-2B માં જે ITC દેખાતી હોય તેના 5% કરતા વધુ માંગેલ હશે તો તેને ડીપાર્ટમેન્ટ વધારાની લીધેલી ક્રેડીટ તુરંત ભરી દેવા માટે નોટીસ આપશે અને તેમ છતાં વેપારી આવી ITC ચલણ સ્વરૂપે નહીં ભરે તો તેમના બેંક ખાતા ઉપર એટેચમેન્ટ મુકી શકશે.

(૪) GST ચેકીંગ તથા રેડ પાડવાની કાર્યવાહી હવે ડીપાર્ટમેન્ટે વધારી દીધેલ છે.

(૫) મોબાઇલ ચેકપોસ્ટની કાર્યવાહી કડક કરેલ છે. અને રસ્તામાં ટ્રકને ઉભી રાખીને બીલ, ઇ-વે બીલ વિગેરે ડોક્યુમેન્ટસ ચેક કરતા કાંઇ ખામી જણાશે તો GST ની રકમ તથા તેના ૨૦૦ ટકા પેનલ્ટી કરી શકશે અને જો બીલ વગર માલ જતો હશે તો માલ મોકલનાર ને ત્યાં સીધી રેડ પણ પાડી શકશે.

**(૭) ટેક્ષ ક્રેડીટ (ITC) રીટર્નમાં માંગવાનો નિયમ :**

(૧) INPUT TAX (CREDIT (ITC) માંગવામાં ફક્ત ૫% ની છૂટ

(૧) તા. ૦૧/૦૧/૨૦૨૧ થી વેપારીઓ તેમનું GSTR-3B નું રીટર્ન ભરે ત્યારે તેમના તે મહિનાના GSTR-2B માં જે ITC દેખાતી હોય તેના કરતા 5% ITC વધુ માંગી શકાશે અત્યાર સુધી આ નિયમ 10% ITC વધારે માંગવાનો હતો પરંતુ અત્યાર સુધી વેપારીઓ GSTR-2A માં જે ITC દેખાતી ન હોય તો પણ પોતાના ચોપડા ઉપરથી કુલ ITC ની ક્રેડીટ માંગી લેતા હતા. પણ હવે કાયદો વધુ કડક કરેલ છે અને અધિકારીઓને પાવર આપ્યા છે કે જો કોઇ વેપારી GSTR-3B રીટર્નમાં તેના GSTR-2B માં દેખાતી હોય તેના 5% કરતા વધારે ITC ની ક્રેડીટ માંગશે તો આવા વેપારીનો GST નંબર સસ્પેન્ડ કરી શકાશે. એટલે આવા વેપારી ધંધો કરી શકશે નહીં.

(૨) એટલે હવે દરેક વેપારીએ તેમનું GSTR-3B ભરતી વખતે તેમના GSTR-2B માં જે ક્રેડીટ (ITC) દેખાતી હોય તેના 5% થી વધુ ITC ગણીને તેટલીજ ITC માંગવાની રહેશે અને



D.P. THAKKER & CO.

વધઘટનું ચલણ ભરવું પડશે ત્યારબાદ પછીના મહિનાનું GSTR-3B ભરતી વખતે અગાઉના મહિનાની બાકી ITC જો તે મહિનાના GSTR-2A માં દેખાતી હોય તો તેની ક્રેડીટ માંગી શકાશે.

(૩) મોટું ટર્નઓવર ધરાવતા વેપારીઓ રૂા. ૫ કરોડથી ઓછું ટર્નઓવરવાળા વેપારીઓ પાસેથી માલ ખરીદશે તો તેમને આવી ખરીદીઓના ટેક્ષની ક્રેડીટ સામેનો વેપારી ત્રણ મહિને તેનું GSTR-1 રીટર્ન ભરે ત્યારે જ મળી શકશે સિવાયકે સામેનો વેપારી દર મહિનાના તેના વેપાણ બીલો Online GST ડીપાર્ટમેન્ટની વેબસાઇટ ઉપર અપલોડ કરે અથવા તો માસીક રીટર્ન ભરતા હોય.

**(૮) ધંધાના વધારાના સ્થળ/ગોડાઉનોની નોંધણી :**

દરેક વેપારીએ પોતાના ધંધાનો માલ રાખવા માટે જે ગોડાઉનો રાખેલા હોય તેની જાણ તુરંત Online પોર્ટલ ઉપર કરવી ફરજીયાત છે. નહીંતર તે માટે મોટી પેનલ્ટી થાય છે વધુમાં કોઇ વેપારીને ત્યાં GST નું ચેકીંગ આવે અને તેનો ચોપડાનો માલ જે ગોડાઉનમાં પડેલ હોય તે જો GST માં નોંધાવેલ નહીં હોય તો ડીપાર્ટમેન્ટ આવા ગોડાઉનમાં પડેલ માલ ચોપડા બહારનો છે. તેવું માનીને કાર્યવાહી કરશે અને વેપારીને ખોટી હેરાનગતી થશે એટલે તમારો માલ જ્યાં રાખતા હો તે તથા માલ રાખેલ ન હોય પણ ચોપડામાં ભાડુ ઉધારેલ હોય તેવા બધા ગોડાઉનો તમારા GST નંબરમાં નોંધાયેલા હોવા ખુબ જ જરૂરી છે જે વેપારીઓને આવા ગોડાઉન નોંધાવવાના બાકી હોય તેમણે આવા ગોડાઉનો ભાડે રાખ્યાની ભાડા ચીઠ્ઠી તથા ગોડાઉન માલીકની ગોડાઉનની માલીકીનો પુરાવો તુરંત અમને મોકલવો અને ફોનથી કે રૂબરૂ જાણ કરવી જેથી Online ગોડાઉનની નોંધણી કરાવી શકાય.

(૯) F. Y. ૨૦૨૦-૨૧ નો એડવોકેટ ફી નો કે ટ્રાન્સપોર્ટેશનનો RCM ભરવાનો રહી ગયેલ હોય તો માર્ચ-૨૦૨૧ કે એપ્રીલથી સપ્ટેમ્બર-૨૦૨૧ સુધીના GSTR 3B રીટર્નમાં ભરવાપાત્ર બતાવીને ભરી દેવો જોઇએ.

**(૧૦) KYC લીંક કરવા-અપલોડ કરવાનો નવો નીયમ :**

(૧) GST નંબર ધરાવતા દરેક વેપારીઓ તેમનું આધાર કાર્ડ GSTIN સાથે લીંક કરવાનું ફરજિયાત કરેલ છે. જો આ લીંક નહી કરેલ હોય તો GST નંબર ડીપાર્ટમેન્ટ સસ્પેન્ડ કરી શકશે.

(૨) ભાગીદારી પેઢીના કેસમાં કોઇપણ એક ભાગીદારનું આધારકાર્ડ લીંક કરવું પડે ઓથોરાઇઝ સીગ્નેટરીમાં ભાગીદાર સિવાય કોઇનું નામ આપેલ હોય તો તેનું આધારકાર્ડ પણ લીંક કરવું પડે.

(૩) પ્રોપ્રાયટર પેઢીમાં પ્રોપ્રાયટરનું નામ અને પેઢીનું નામ અલગ હોય તો આધારકાર્ડ લીંક થતુ નથી એટલે આવા કેસમાં પ્રોપ્રાયટરનું આધારકાર્ડ, વોટર ID કાર્ડ તથા પાસપોર્ટ ત્રણમાંથી ગમે તે બે ડોક્યુમેન્ટ અપલોડ કરવાના રહેશે.

D.P. THAKKER & CO.

(૪) આ માટે દરેક વેપારીએ માલીકના/એક ભાગીદારના આધારકાર્ડ/પાસપોર્ટ/વોટર ID અમને તુરંત મોકલી આપવા જેથી ઘટતી કાર્યવાહી કરી શકાય.

(૧૧) દરેક વેપારીએ F. Y. ૨૦૨૦-૨૧ ના વર્ષની તેમના GSTR 2A માં તેમના ચોપડા મુજબની મજરે માંગેલ બધી ITC આવી ગઇ કે કેમ ? તે ચેક કરી લેવું અને જો કોઇ ITC GSTR 2A માં ના દેખાતી હોય તો જે તે તે પાર્ટીનો કોન્ટેક્ટ કરી એપ્રિલથી સપ્ટેમ્બર-૨૦૨૧ સુધીનાં તે પાર્ટીઓના GSTR1 રીટર્નમાં એમેન્ડમેન્ટ કરીને આવી ITC તમારા GSTR2A માં દેખાય તે માટે તે પાર્ટીને કહેવું.

**અમો આશા રાખીએ છીએ કે ઉપરની માહિતી તમને ઉપયોગી થાશે, આ અંગે કોઇ સ્પષ્ટતા કરવી હોય કે વિશેષ માહિતીની જરૂર હોય તો અમારો રુબરુ સંપર્ક કરવો.**

લી.
ધીરૂભાઈ - કનુભાઈ
પીયુષભાઈ - નીખિલભાઈ

D.P. THAKKER & CO.